ભજન ૫

એકવાર, એકવાર, એકવાર મોહન
મારા મંદરિયે આવો રે {૨}

મારા મંદરિયે આવ મારા વ્હાલા {૨}
મારા આંગણિયા સોહાવો રે ---- એકવાર

નાની શી ઝુપડીને, મન મારા મોટડા {૨}
માટેના સંકોચાવો રે ---- એકવાર

અંતરના પ્રેમથી આપને વધાવીશુ {૨}
લઈશું અમુલખ લહાવો રે ---- એકવાર

માયાને મૂડીમાં એક રામ નામ છે {૨}
બીજી વસ્તુનો અભાવો રે ---- એકવાર

શંકર કહે પ્રભુ પ્રેમને આધાન છે {૨}
પ્રેમ રસ પીવોને પાવા રે ---- એકવાર

એકવાર, એકવાર, એકવાર મોહન
મારા મંદરિયે આવો રે {૩}